# ૬ ઓગષ્ટ –૨૦૧૬ (શનિવાર)

**(૧) ઇરોમ શર્મિલા :**

- વિશ્વમાં 'આર્યન લેડી' તરીકે નામના પામનાર મણિપુરના ઇરોમ શર્મિલાએ ૧૬ વર્ષ પછી પોતાની ભુખ હડતાલ સમેટી લેવાની જાહેરાત કરી
- ૨૧ નવેમ્બર ૨૦૦૨ થી તેઓ ભુખ હડતાલ પર હતાં.
- તેઓની આ હડતાલ AFSPA વિરૂદ્ધની છે.
- AFSPA આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ એક્ટ તેમણે ૧ ઓગસ્ટથી ભૂખ હડતાલ તોડી મણીપુરમાંથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

AFSPA શું છે ?

- ભારત સરકારે ઉત્તર પૂર્વીય રાજ્યોના અલગતાવાડી સંગઠનોને કાબુમાં રાખવા વર્ષ ૧૯૫૮માં AFSPA ની રચના કરી હતી.
- આ કાયદા હેઠળ ભારતીય સેના કોઇપણ વ્યક્તિ સામે વોરંટ ઇસ્યુ કર્યા વિના પૂછપરછ તપાસ અને ધરપકડ કરી શકે છે.
- કાયદાનો ભંગ કરે તો આવી વ્યક્તિ પર ફાયરીંગ કરવાનો આર્મીને અધિકાર અપાયો છે, આવા સમયે જો કોઇનું મૃત્યુ થાય તો ફાયરિંગ કરનાર કે અન્ય કોઇ ઓફિસર જવાબદાર બનતા નથી.
- ૧૯૯૦ થી જમ્મુ કાશ્મિરમાં પણ AFSPA લાગુ છે.
- ખાલિસ્તાનની ચળવળ વખતે ૧૯૮૩ થી ૧૯૯૭ સુધી પંજાબ અને ચંડીગઢમાં પણ આફસ્પા લાગુ કરાયો હતો.

પ્રશ્નો :

(૧) મણિપુરની 'આયર્ન લેડી' તરીકે કોણ ઓળખાય છે ?
- ઇરોમ શર્મિલા

(૨) AFSPA (આફસ્પા) નું પુરૂ નામ જણાવો.
- આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ એક્ટ

(૩) ભારત સરકાર દ્વારા કયા વર્ષ AFSPA ની રચના કરવામાં આવી હતી ?
- ૧૯૫૮

(૪) ઇરોમ શર્મિલાએ AFSPA ના વિરોધમાં કેટલા વર્ષ ભૂખ હડતાલ કરી ?
- ૧૬ વર્ષ

(૫) જમ્મુ – કાશ્મિરમાં કયાં વર્ષથી AFSPA લાગુ છે ?
- ૧૯૯૦

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧